# 22. બોળો

## સ્વાધ્યાય

1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓)નિશાની કરો:

1) સોંડાના અંતરમાં કેમ ફાળ પડી?

(A) રાજા કેદમાં નાખશે તેવા ભયના કારણે

(B) બોળો ખવડાવવાની વાત જાહેર થઈ ગઈ

(C) સિપાઇઓ ફરી વખત બોળો ખાવા આવ્યાનું જાણીને

(D) અસવારો ઊભા પાકને નુકસાન કરશે તેવા ડરથી

2) બોળો જમ્યાના બદલામાં રાજાએ સોંડાને શું આપ્યું?

(A) આજીવન કેદની સજા

(B) બાર સાંતીની જમીન અને ચાર ભેંસો

(C) બાર બળદ અને વીસ કળશી બાજરો

(D) ઉપરના (B) અને (C)બંને

3) બચ્ચાંની ગાળો તો માવતરને ઊલટી મીઠી લાગે... આ વાક્ય કોણ બોલે છે?

(A) મહારાજા વજેસંગજી

(B) જેસાભાઈ વજીર

(C) પરમાણંદદાસભાઈ

(D) ભૂંભલીના ગ્રામજનો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

4) ભગવાન અમને કોઈ દી ભાવનગર ન બતાવે ! વાક્યમાં સોંડાનો ભાવ ...

(A) ભાવનગર ખૂબ જ દૂર હતું

(B) રાજાના સિપાઈ ઠોંસે ચડાવીને વેઠ કરાવે તેવો ભય

(C) ભાવનગરના રાજા ખૂબ જ ક્રૂર હતા.

(D) સોંડો સાવ અભણ હતો.

## 2. કારણ આપો:

### 1) સોંડાએ ઘરવાળીને કહ્યું; "હવે આપડા તો રામરામ સમજવા!", કારણ કે...

- ઘોડેસવારના ગયા પછી બીજે દિવસે સોંડો માળી શિરામણ કરીને વાડીએ જવા નીકળ્યો ત્યારે બે હથિયારબંધ ઘોડેસવાર આવ્યા. એમણે સોંડા અંગે પૂછપરછ કરી. સોંડાએ ધડકતા હૃદયે પોતાનો પરિચય આપ્યો ત્યારે ઘોડેસવારોએ જણાવ્યું કે, ઠાકોર વજેસંગજીએ તેમને ભાવનગર તેડાવ્યા છે. આ વાત સાંભળીને તે ચકિત થયા અને તેમણે આગલા દિવસની વાત યાદ આવી. તેને થયું કે પેલા અસવારે જરૂર ઠાકોરને બધું કહી દીધું હશે. હવે ઠાકોર તેને જેલમાં પૂરી દેશે. આથી સોંડાએ ઘરવાળીને કહ્યું: "હવે આપડા તો રામરામ સમજવા !"

### 2) સોંડાની વાત સાંભળી મહારાજા વજેસંગજીની છાતી ફૂલવા લાગી, કારણ કે ...

- મહારાજા વજેસંગજી માનતા હતા કે પ્રજા પોતાના છોરુ છે અને છોરુને કાંઈ દુ:ખ હોય તો એ દુ:ખ રડવાનો તેમને હક છે. આગલા દિવસે સોંડા માળીએ કકળતા હૃદયે ગાળો આપીને પોતાની વ્યથા રજૂ કરી હતી. પ્રજાવત્સલ મહારાજાએ કચેરીમાં ઉપસ્થિત અમીરો અને અમલદારોને આગલા દિવસની ઘટના જણાવતાં કહ્યું કે આ ભોળા સોંડાએ વગર ઓળખ્યે અમને કેવા આદરમાન આપ્યાં હતાં! એણે ખવરાવેલો મીઠો બોળો અને એથીય મીઠી એની સાચુકલી ગાળો! એવી મજા એમને મહેલોની મીઠાઈ ખાતાં પણ નથી આવી. આટલું બોલતાં મહારાજા વજેસંગજીની છાતી ફૂલવા લાગી.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

### 3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો:

#### 1) મહારાજા વજેસંગજીની ઉદારતાને તમારા શબ્દોમાં વર્ણવો.

- એક વખત ભાવનગરના મહારાજા વજેસંગજી ઘોડેસવાર બનીને ભૂંભલી ગામે સોંડા માળી નામના ખેડૂતની વાડીમાં આરામ કરવા રોકાયા. એમને ભૂખ લાગતાં સોંડાએ પોતાના ભાગનો બધો બોળો એમને ખવરાવીને એમનું પેટ ઠાર્યું. એ દરમિયાન સોંડાએ પોતાની આપવીતી કહી. તેણે ઠાકોર વજેસંગજીને ઘણી ગાળો પણ દીધી. તેને ખબર નહોતી કે આ અજાણ્યો ઘોડેસવાર ઠાકોર વજેસંગજી પોતે જ છે. ઠાકોર સોંડાની નિખાલસ વાણીથી પ્રભાવિત થયા; કેમ કે, એના શબ્દોમાં વ્યથા હતી. ઠાકોર વજેસંગજીએ ઉદાર દિલે એના આતિથ્યની અને નીડરતાની કદર કરી અને ત્રાંબાના પતરા પર તેને જાગીર લખી આપી.

  આવો જ એક પ્રસંગ સમઢિયાળા ગામમાં બન્યો. શિકારીના વેશમાં મહારાજા વજેસંગજી ઘોડા પર બેસી ઊભા મોલમાં ટૂંકે રસ્તેથી ખેતરમાંથી પસાર થઈ રહ્યા હતા. એ રસ્તેથી પસાર થતાં એક કણબીના ખેતરનો ઊભો મોલ ચગદાઈ ગયો. આ જોઈને કણબીની ડોશીએ ઘોડેસવારને બે-ચાર ગાળો સંભળાવી અને સહેજ પણ ડર્યા વગર ડોશીને બાપુ વજેસંગજી પર કેટલો વિશ્વાસ છે એ જણાવી દીધું. વજેસંગજી ડોશીની નીડરતાથી પ્રભાવિત થયા અને એ ડોશીના કુટુંબને કાયમની પટલાઈ તથા જમીન ઇનામમાં આપ્યા.

#### 2) સોંડાની મહેમાનગતિનું વર્ણન કરો.

- ઠાકોર વજેસંગજી એક અજાણ્યા ઘોડેસવાર બનીને સોંડાની વાડીએ આવ્યા. ધગધગતા તાપમાં એમને આરામ કરવો હતો. ઘોડેસવારે હાથ-મોં પર પાણી છાંટ્યું અને ધોરિયાની લીલી ધરો ઉપર બેઠો. કોસ હાંકતાં હાંકતાં સોંડાએ ખેડૂતની દયનીય હાલતનું વર્ણન કર્યું. એની વાણીમાં કડવાશ હતી. એણે રાજાને ખૂબ ગાળો દીધી, પણ રાજાને એનું સહેજ પણ માઠું લાગ્યું નહિ. ઘોડેસવારને ભૂખ લાગી હતી એટલે એણે સોંડા પાસે ખાવાનું માગ્યું. એની પાસે વાડીએ ધાન તો હતું નહિ. એની પાસે છાશની અંદર થૂલું નાખીને બનાવેલો બોળો હતો. પાંદડાનો દડિયો બનાવી તેમાં તેને બોળો ખાવા આપ્યો. તાપમાં તપી ગયેલા ઘોડેસવારને આ ખાટો અને શીતળ બોળો મીઠો લાગ્યો. ઘોડેસવારે જ્યારે વધારે બોળો માગ્યો ત્યારે 'કેમ, મારે ખાવાય નથી રે'વા દેવું ને ?' એમ કહી સોંડાએ બાકીનો બધો બોળો મહેમાનને આપી દીધો. આમ, સોંડાએ અજાણ્યા ઘોડેસવારની સારી મહેમાનગતિ કરી.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in